
# સત્યવાદી નરેન્દ્ર



વિદ્યાર્થી મિત્રો, નરેન્દ્ર તમારી જેમ જ શાળામાં જતો. હવે આપણે શાળામાં બનેલી ઘટનાઓને ધ્યાનપૂર્વક જોઈશું.

એક દિવસ વર્ગમાં શિક્ષક ભણાવતા હતા. તે વખતે વિદ્યાર્થીઓ અંદરોઅંદર વાતો કરી રહ્યા હતા. તેમાં નરેન્દ્ર પણ હતો. શિક્ષકે બધાને ઊભા કરીને પોતે શું ભણાવતા હતા, તે વિશે પૂછ્યું, તો કોઈ વિદ્યાર્થી જવાબ આપી શક્યો નહીં.

પરંતુ નરેન્દ્રએ સાચો જવાબ આપ્યો, ભલે તે વાતો કરતો હતો પણ સાથે સાથે શિક્ષક શું ભણાવે છે, એમાં પણ એનું ધ્યાન હતું. આથી શિક્ષકે એના સિવાય બીજા બધા છોકરાઓને ઊભા રહેવાની સજા કરી. ત્યારે નરેન્દ્રે કહ્યું : 'સાહેબ, મને પણ સજા થવી જોઈએ, કારણ કે હું પણ વાતો કરતો હતો.' એમ કહીને તે પણ ઊભો જ રહ્યો.

કોઈ બીજા એક દિવસે શાળામાં ભૂગોળનો વર્ગ ચાલતો હતો. શિક્ષક વિષય અંગેના પ્રશ્નો પૂછી રહ્યા હતા. નરેન્દ્રને પ્રશ્ન પૂછ્યો. તેણે સાચો જ જવાબ આપ્યો. પણ શિક્ષકને એ જવાબ સાચો ન લાગ્યો. નરેન્દ્ર સાચો હતો, એટલે એણે કહ્યું : 'મારો જવાબ સાચો છે, તમે તેને કેમ ખોટો કહો છો? ' પણ શિક્ષક નરેન્દ્રની વાત માનવા તૈયાર નહોતા. અને નરેન્દ્ર વારંવાર 'મારો જવાબ સાચો છે ', એમ કહેતો હતો. આથી શિક્ષક ગુસ્સે થઈ ગયા અને

સોટીથી તેને મારવા લાગ્યા. નરેન્દ્રે શિક્ષકનો માર ખાઈ લીધો, પણ પોતે સાચો હતો, એ વાત તેણે છોડી નહીં.

ઘરે આવીને રડતાં રડતાં તેણે માતાને બધી વાત કરી. ત્યારે માએ શાંત કરી કહ્યું, 'બેટા, જો તારાથી કોઈ ભૂલ ન થઈ હોય તો તું જેને સત્ય સમજે છે, તેના પર અડગ રહેજે.'

સચ્ચાઈને વળગી રહેવું એ પણ જીવનની પવિત્ર બનાવવાનું મહાન કાર્ય છે.

## ગુરુદેવ સાથે પ્રથમ પરિચય

એ ઉંમરે પણ નરેન્દ્ર દ્રઢપણે માનતા કે ચારિત્ર્ય એ જ માનવ જીવનનો પાયો છે. બ્રહ્મચર્ય વિના આધ્યાત્મિક અનુભવ અશક્ય છે એમ તેને લાગતું. કોલેજના અભ્યાસ દરમિયાન તેઓ બ્રહ્મચર્યનું કડકપણે પાલન કરતા.

આ અભ્યાસકાળ દરમિયાન પ્રિન્સિપાલ વિલિયમ હેસ્ટી પાસેથી નરેન્દ્રનાથે દક્ષિણેશ્વરના પરમહંસ શ્રીરામકૃષ્ણદેવનું નામ પ્રથમવાર સાંભળ્યું.

પછી થોડા દિવસ બાદ નરેન્દ્રની પડોશના ઘરમાં શ્રીરામકૃષ્ણ પધાર્યા હતા. ત્યારે ભજન ગાવા માટે નરેન્દ્રને ત્યાં બોલાવવામાં આવ્યા. નરેન્દ્રના કંઠે ભાવવાહી ભજનો સાંભળીને શ્રીરામકૃષ્ણ પ્રસન્ન થઈ ગયા. તેમણે નરેન્દ્રને પાસે બોલાવીને વાતચીત કરી તથા દક્ષિણેશ્વર આવવાનું કહ્યું. આ હતો નરેન્દ્રનો પોતાના મહાન ગુરુદેવ સાથેનો પ્રથમ પરિચય.

## નરેન્દ્રની ઈશ્વરદર્શનની ઝંખના

'કોઈપણ રીતે ઈશ્વરનાં દર્શન કરતાં' એ ભાવના નરેન્દ્રમાં વધુને વધુ પ્રબળ બનતી ગઈ. જે કોઈ સાધુ મહાત્મા તેમને ત્યાં આવે, તેને તેઓ એક જ પ્રશ્ન પૂછતા 'તમે ઈશ્વરને જોયા છે?' તેમને ક્યાંયથી એવો જવાબ ન મળ્યો કે 'હા, મેં ઈશ્વરને જોયા છે.'

આ જ ઈશ્વર ઝંખના નરેન્દ્રનાથને બ્રહ્મસમાજના નેતા મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર પાસે લઈ ગઈ. તેમને સીધો જ પ્રશ્ન પૂછ્યો કે 'મહાશય, આપે ઈશ્વરને જોયા છે? ' આનો સીધો ઉત્તર આપવાને બદલે તેમણે કહ્યું : 'બેટા, તારી આંખો યોગી જેવી છે.' આ સાંભળીને તેઓ નિરાશ થઈ ગયા. પણ તેમની ઈશ્વરદર્શનની ઈચ્છા વધુ બળવત્તર બની અને આ વ્યાકુળતા એમને દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણદેવ પાસે લઈ આવી.